**<u>વાદીની આંક:પ ની વચગાળાની મનાઈ હુકમ મેળવવા સબબ અરજી તળે હુકમ:–</u>**

૧).. વાદીએ પ્રતિવાદી વીરૂધ્ધ મુખ્યત્વે દાવાવાળા જમીનમાં વાદીનો હિસ્સો અપાવવા તેનો અલગથી કબ્જો અપાવવા આદેશાત્મક હુકમ મેળવવાના બાબતે હાલનો દાવો દાખલ કરી કરેલ છે અને દાવાની સાથે સાથે આ અરજી દાખલ કરી પ્રતિવાદી વીરૂધ્ધ વચગાળાના મનાઈ હુકમ સબબની દાદ માંગેલ છે.

૨).. વાદીએ દાવા અરજી તથા મનાઈ અરજી દાખલ કરતા પ્રતિવાદીઓને નોટીશ બજતા જેઓ તેમના વકિલ મારફતે હાજર થયેલા છે અને આંક:૧૩ થી લેખિત જવાબ વાંધા રજુ કરેલ છે. આ કામે પ્રતિવાદી નં. ૮ નાઓને નોટીસની બજવણી થયેલ હોવાછતા જવાબ રજુ કરેલ નથી. જેથી મારા પુર્વગામી ન્યાયધીશશ્રીએ પ્રતિવાદી નં. ૮ નો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરેલ છે.

૩).. આ કામે વાદી તરફે રજુ તમામ દસ્તાવેજી પુરાવા હાલની અરજીના નિર્ણય સામે ધ્યાને લેવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે આ તબકકે કોઈ દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ નથી.

૪).. અરજી સબંધે વાદી તથા પ્રતિવાદી પક્ષ તરફે તેમના વિ. વ. શ્રી ની દલિલો સાંભળી.

૫).. આ કામે પક્ષકારો તરફે રજુ તમામ પક્ષનિવેદનો, દસ્તાવેજો, રજુઆતો અને દલિલોને ધ્યાને લઈ આ અરજીના ન્યાય નિર્ણય સામે નીચે મુજબના મૃદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>// મુદ્દાઓ //</u>**

૧) શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે?

૨) જો કામ ચલાઉ મનાઈ હુકમ આપવામા ન આવે તો વાદીની નાણાથી ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થવાનો સંભવ છે?

૩) શું સગવડતા અને અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં જાય છે?

૪) શું હુકમ?

૬).. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) નકારમાં

૨) નકારમા

૩) નકારમા

૪) આખરી હુકમ મુજબ

**<u>// કારણો //</u>**

**૭)..** ઉપરોકત મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય હકિકતોને અયોગ્ય પુનરાર્વતન ના થાય તે હેતુથી સુવીધા ખાતર સંયુકત ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

વાદીએ હાલની અરજીમાં કથન કરેલ છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ ગુજ. ભીખુભાઈ નારણભાઈ રૂપારેલીયા લીગલ હેર્સ તથા રીપ્રેઝેન્ટેટીવ છે. ગુજ. ભીખુભાઈ નારણભાઈ રૂપારેલીયા વાદીના સગા ભાઈ થતા હતા. તેઓ અવસાન પામેલ છે, પ્રતિ. નં. ૧ વાદીના ભાભી થાય છે. પ્રતિ. નં. ૨, ૩ ભત્રીજાઓ તથા ગુજ. ભીખુભાઈના પુત્ર થાય છે. તેમજ પ્રતિ. નં. ૪ અને ૫ તેમની ભત્રીજી એટલે કે ગુજ. ભીખુભાઈની પુત્રી થાય છે. પ્રતિ. નં. ૬ તેમના સગા ભાઈ થાય છે અને પ્રતિ. નં. ૭ ભત્રીજા થાય છે અને તેઓ પ્રતિ. નં. ૬ ના પુત્ર છે. પ્રતિ. નં. ૮ થી ૧૧ તેમની સગી બહેનો થાય છે.

આ કામના વાદીના પિતા ગુજ. નારણભાઈ ભુટાભાઈ રૂપારેલીયા ગુંદાસરા ગામના રહેવાસી હતા અને તેઓના નામની ખેતીની જમીન રીવીઝન માપણી રજીસ્ટર મુજબ તથા નવા આકાર બંધ મુજબ ગામ નમુના નં. ૬ (હકક પત્રક) એન્ટ્રી પાડવામાં આવેલ. જેના એન્ટ્રી નં. ૩૭૫/૨૯ છે. જે તા:૨૭/૧૧/૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ. દાવામાં જણાવેલ ખેતીની જમીન વાદીના પિતાશ્રીના નામે આવેલ તે પહેલા તે જમીન તેમના પિતાશ્રી હિરા વિલા ઉર્ફે ભુટા વાલાના નામે અને ખાતે આવેલ હતી અને જેના નોંધ નં. ૧૬૭ છે. ત્યારબાદ આ મિલ્કત ભુટાવાળાના વારસદાર તરિકે નારણ ભુટા એટલે કે વાદીના પિતાશ્રીને મળેલ એ રીતે મિલ્કત વડીલો પાર્જીત મિલ્કત હતી અને છે. જેમા જન્મથીજ વાદીનો હકક રહેલો છે. વાદીના પિતાશ્રીનું અવસાન થતા રેવેન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં. ૮૨૧ ધ્વારા વારસાઈ નોંધ દાખલ કરવામાં આવેલ જેમા વાદીના પિતાશ્રીના તમામ વારસદારો કે જે પ્ર થમ લીટીના હતા. તે તમામના નામ દાખલ કરવામાં આવેલ જેમા વાદીનું પણ નામ દાખલ કરવામાં આવેલ. આ એન્ટ્રી ૧૯/૦૧/૧૯૮૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ. દાવાવાળી જમીનમાં વાદીનો હકક, હિત, હિસ્સો હોય અને વાદી પણ એક શેરર હતા, પરંતુ વાદીના લગ્ન થઈ ગયાના કારણસર વાદી તેમના સાસરે રહેતા હતા અને દાવામા જણાવેલ પારા–૫ ના પાર્ટ– ''એ'' તથા '' બી'' માં જણાવેલ તમામ જમીનનો કબ્જો તેમના વતી તેમના ભાઈઓ સંભાળતા હતા અને તેઓ જ ખેતી કરતા હતા અને જમીનની સાચવણી કરતા અને તેઓ જ ઉપજ નિપજ લેતા હતા.

વાદીને વર્ષ ૨૦૨૧ ના ફેબ્રુઆરી માસમા જાણવા મળેલ કે, દાવા અરજીના પાર્ટ '' બી '' માં જણાવેલ ખેતીની જમીનમાં પ્રતિ. નં. ૧ થી ૫ અને ૬, ૭ ભેગા મળી એક સંપ થઈ ફ્રોડ કરી વાદીનુ નામ કમી કરાવી નાખેલ છે જેથી વાદીએ પ્રતિ. નં. ૧ થી ૩ અને ૬, ૭ ને લીગલ નોટીસ આપી જે નોટીસ મળતા પ્રતિવાદીઓએ વાદીને જણાવેલ કે તેઓએ પાર્ટ ''બી'' માં જણાવેલ જમીનમા વાદીનુ નામ કાઢી નાખેલ નથી. વાદીનુ નામ તો રેવેન્યુ રેકર્ડમાં છે જ જેથી વાદી તેમની વાત ઉપર ભરોસો કરેલ.

વધુમાં, વાદી જણાવેલ છે કે, નવેમ્બર–૨૦૧૬ માં પારા– ૫ ના પાર્ટ ''એ'' તથા ''બી'' ની કુલ જમીનના તમામ હકપત્રકો કઢાવતા જાણવા મળેલ છે કે આ કામના પ્રતિવાદીઓ ફ્રોડ કરી પારા–૫ પાર્ટ ''બી'' માં જણાવેલ જમીનમા વાદીનુ નામ કે જે નોંધ પ્ર માણિત થયા તા:૧૯/૦૧/૧૯૮૩ થી નોંધ–૮૨૧ થી ચાલ્યુ આવતુ હતુ તે પ્રતિ. ફ્રોડ કરી વાદીનુ નામ કઢાવી નાંખેલ છે અને રેવેન્યુ રેકર્ડની વધુ તપાસ કરતા જાણવા મળેલ કે પારા–૫ ના પાર્ટ ''બી'' માં રહેલ સર્વે નં.... વાળી જમીનોમાં પ્રતિવાદીઓ પૈકી પ્રતિ. નં. ૬ તથા ગુજ. ભીખાભાઈએ તેમના નામ ચડાવી દીધેલ છે તેટલુ જ નહિ પરંતુ આ પાર્ટ ''બી'' વાળી જમીનો પરત્વે વાદીના નામનુ ખોટુ કબુલાતનામુ તથા ૧૩૫ ડી(૨) ની નોટીસ ફ્રોડથી ઉભી કરી તેમાં વાદીની ખોટી સહિ કરી અને તા:૨૪/૦૪/૧૯૮૫ ના રોજ ખોટા દસ્તાવેજોને સાચા ગણાવી વાદીની સહિ વાળા હોય તેમ ટ્રીટ કરી અને રેવેન્યુ રેકર્ડના કામમા વાદીનુ નામ કમી કરાવવા માટે રજુ કરેલ છે. વાદીની સંમતિ કે સહિ ન હોવા છતા ખોટા દસ્તાવેજો રજુ કરી રેવેન્યુ ઓથોરીટીને સમજાવી, જણાવી અને ફ્રોડથી વાદીનુ નામ દાવામાં જણાવેલ જમીનમાંથી કમી કરાવેલ છે અને વાદીનો હિસ્સો ડુબાડેલ છે. જેની જાણ વાદીને નવેમ્બર ૨૦૧૬ માં રેવેન્યુ રેકર્ડ અને ત્યારબાદ કબુલાતનામુ અને ૧૩૫ ડી(૨) ની નોટીસ અંગે તપાસ કરાવતા થયેલ છે. વધુમાં વાદી જણાવેલ છે કે તેઓને વાદીને ૧૯૮૫ માં સહિ કરતા આવડતી ન હતી તેઓ તે સમય અંગુઠો કરતા હતા.

૮).. આ કામે વાદીએ માર્કઃ૩/૬ થી તેમનુ કબુલાતનામુ રજુ કરી એવી રજુઆત કરેલ છે કે, આ કબુલાતનામા આ કામના પ્રતિવાદીઓએ ફ્રોડથી ઉભો કરેલ છે. પરંતુ આ કબુલાતનામા જોતા જે તલાટી કમ મંત્રી સમક્ષનુ તા:૨૪/૦૪/૧૯૮૫ નુ કબુલાતનામુ છે. જયારે રેવેન્યુ ઓથોરીટી સમક્ષ કોઈ દસ્તાવેજ કરવામાં આવે તો તે દસ્તાવેજ સાચો છે કે ખોટો તે પુરાવા લીધા સીવાય નકિક કરી શકાય નહિ. વધુમાં, સને ૧૯૮૫ થી સને ૨૦૧૬ સુધી વાદી આ ફ્રોર્ડથી અજાણ રહેલ છે. તેવી હકિકત માનવા લાયક જણાઈ આવતી

નથી.વાદીએ કબુલાતનામુ અને માર્કઃ૩/૯ થી રજુ કરેલ ૧૩૫ ડી(૨) ની નોટીસમાં તેમની સહી ફ્રોડથી ઉભી કરેલ છે તેવુ જણાવેલ પરંતુ આ હકિકત સબંધે વાદીએ સહિનો નમુનો એફ. એસ. એલ. માં મોકલેલ હોય કે નીષ્ણાંત પાસે ચકાસણી કરાવેલ હોય તેવુ રેકર્ડ ઉપર જણાઈ આવતુ નથી. વાદીની સહી ફ્રોડથી ઉભી કરેલ છે કે કેમ? હાલના તબકકે તેનો નિર્ણય થઈ શકે નહિ. વધુમાં, વાદીએ જણાવેલ છે કે, તેઓ પહેલા અંગુઠો મારતા હતા. તે દર્શાવતો કોઈ દસ્તાવેજ વાદીએ આ કામે રજુ કરેલ નથી અને વાદીએ હાલના દાવામાં અને દાવાના કામે રજુ થયેલ વકિલપત્ર સહીઓ જ કરેલ છે. જેથી આ અનુમાન કરી શકાય નહિ કે વાદી ૧૯ ૮૫ માં સહીઓ કરતા ન હતા. વાદીએ સને ૧૯૮૫ થી અત્યાર સુધી આ પરત્વે કોઈ વાંધો કે તકરાર ઉઠાવેલ નથી. જેથી આટલા લાંબા સમયથી વાદી આ હકિકતથી અજાણ હતા તેવુ માનવા લાયક કોઈ કારણ જણાઈ આવતુ નથી જયારે કોઈ માલિકી હકકના આધાર સ્થાવર મિલ્કત કે તેમાના કોઈ હિતનો કબ્જો મેળવવાનો હોય ત્યારે ૧૨ વર્ષની અંદર દાવો દાખલ કરવો પડે. આ કામે વાદીએ પોતે જણાવે છે કે દાવાવાળી જમીનની સાર સંભાળ સને ૧૯૮૨ થી તેમના પીતાનુ અવસાન થઈ ગયેલુ ત્યારથી તેમના ભાઈઓ રાખતા હતા અને તેઓ જ ખેતી કરતા હતા અને જમીનની સાચવણી કરતા હતા. જેથી આટલા લાંબા સમયથી વાદી દાવાવાળી જમીનમાં ફ્રોડથી તેમના નામની કમી કરાવેલ હોય તેવી હકિકત માનવા લાયક જણાઈ આવતી નથી. તેમજ આ મુદ્દો કાયદકિય હકિકતનો મુદ્દો હોય આ તબકકે નિર્ણય કરી શકાય તેમ નથી.

આ સંદર્ભે નામ. સર્વોચ્ચ અદાલતે તથા નામ. ગુજરાત વડી અદાલતે ૧૯૯૫ સપ્લી.(૩) એસ. સી. સી. પાના નં. ૫૯૦, ૧૯૯૯ જી. એલ. આર. પાના નં. ૨૩૧૮, ૨૦૦૦(૪) જી. સી. ડી. ૩૪૩૨, નામ. સુપ્રીમ કોર્ટે મેહલુ મહેન્દ્રભાઈ ઠાકર વી. મીના મેહુલ ઠાકર એ. આઈ. આર. ૨૦૦૯ એસ. સી. ૨૨૯૨ સપ્લીમેન્ટરીના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે જયારે મનાઈ હુકમની દાદ મંજુર કરવાથી આખો દાવો પુરાવો લીધા વગર મંજુર થઈ જતો હોય ત્યારે તેવી દાદ મંજુર કરી શકાય નહિ. તેવુ ઠરાવેલ છે. ત્યારે વાદીએ હાલના સ્વરૂપે જે મનાઈ હુકમની દાદ માંગેલ છે તે મંજુર કરવામાં આવે તો પુરાવો લીધા વીના જ આખો દાવો મંજુર થઈ

જાય તેમ હોય તેવા પ્રકારની દાદ વાદી મેળવવા હકકદાર બની શકે નહિ કે આપી શકાય નહિ.

૯).. આમ, મુદ્દા નં. ૧ થી ૩ વાદી પુરવાર કરી શકેલ ન હોય અને વાદી હાલની અરજીના કામે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા હકકદાર બનતા ન હોય મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**// આખરી હુકમ//**

**૧)** વાદીની હાલની આંક:૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ તા: ૨૬ , માંહે. ફેબ્રુઆરી, સને. ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

તા:
સ્થળ: ગોંડલ.

**(પ્રિયા દુઆ)**
બીજા અધિક સીવીલ જજ,
ગોંડલ.
કોડ નં. જી.જે. ૦૧૩૯૩